International Journal of Advance and Applied Research
www.ijaar.co.in
ISSN – 2347-7075 Impact Factor – 7.328
Peer Reviewed Bi-Monthly
Vol.9 No.5 May – June 2022

# માતૃભાષાની ડાયસ્પોરા કવિતા - મહેક ટંકારવીના સર્જન સંદર્ભે અથવા ગઝલ સંદર્ભે.

ડૉ. આનંદ બથિયા
'વ્રજ' ક્રિષ્નાપાર્ક સોસાયટી, એરપોર્ટ રોડ, કેશોદ, જિ-જૂનાગઢ
*Corresponding Author*- ડૉ. આનંદ બથિયા
ઈમેઈલ- bathiaanand77@gmail.com

ગુજરાતી ડાયસ્પોરા સાહિત્ય માત્ર ઝૂરાપાનું ન રહેતા તેમાં અધ્યાત્મભાવ પણ ભારોભાર જોવા મળે છે. વિદેશની ધરતી પર રહેતાં ગુજરાતી પ્રજા પોતાની મૂળ સાંસ્કૃતિક સંપદાને સાચવવા તેમજ વારસાગત રૂપે પોતાનાં સંતાનોને અર્પવા મથામણ કરે છે. જેનાં ભાગરૂપે તેઓ પરદેશની ધરતી પર સ્વદેશના વ્રતો, ઉત્સવો, નવરાત્રી, કથાઓ અને અન્ય સાંસ્કૃતિક ધાર્મિક અને પારિવારિક પ્રસંગોની ઊજવણી કરે છે. આવો વર્ગ દુનિયામાં અન્ય દેશોના પ્રમાણમાં અમેરિકા અને બ્રિટનમાં વધુ જોવા મળે છે.

બ્રિટનના ગુજરાતી ડાયસ્પોરા કાવ્ય સર્જકોમાં દીપક બારડોલીકર, અદમ ટંકારવી, પંકજ વોરા, ભારતી વોરા, રમેશ પટેલ, નિરંજન દેસાઈ, પંચમ શુક્લ, ભાનુશંકર વ્યાસ, જગદીશ દવે, કદમ ટંકારવી જેવા સીતેરેક જેટલાં કવિઓ જોવા મળે છે. જેમાં મહેક ટંકારવી સૂફીવાદી સંત પરંપરાને જાળવતાં મહત્વના ગઝલકાર છે. તેમની પાસેથી ચાર કાવ્યસંગ્રહો પ્રાપ્ત થાય છે. જેમાં 'તલબ', 'પ્યાસથી પરબ સુધી', 'પ્રેમરસ પ્યાલો' અને 'તલાશ' જેવા કાવ્યસંચયો પ્રગટ સ્વરૂપે જોવા મળે છે. મહેક ટંકારવીનું ડાયસ્પોરા કાવ્યવિશ્વ પરમતત્વને પામવાની ઝંખના વ્યક્ત કરે છે. કવિએ સૂફીવાદી પરંપરા જાળવીને અધ્યાત્મભાવનું નિરૂપણ કર્યું છે. રામ-રહીમનો દ્વન્દ્વ ભૂલી વિશ્વને એક તાંતણે બંધાવાની મથામણ છે. કવિ ભારતીય અને પાશ્ચાત્ય સાંસ્કૃતિક ભેદ દર્શાવી પરદેશમાં રહેતાં ગુજરાતીઓને પોતાનું મૂળ સાચવવા કહે છે. આ ઉપરાંત મનુષ્ય મનુષ્ય વચ્ચેનાં ખોખલા પડી ગયેલા સંબંધો પણ ખેદ સાથે વ્યક્ત કરે છે. વૈભવી ભોગવિલાસ પાછળ ગાંડા થયેલાં આધુનિક માનીવની મનોદશા વ્યંજનાત્મક રીતે વર્ણવે છે. તો જાત તરફ પાછાં વળ્યા વિના જગત, પરમાત્માની સાચી ઓળખ થશે નહિ તેવો ભાવ તેમની રચનાઓમાંથી ટપકે છે. સ્થાનિક રાજકારણ તથા આઝાદી પૂર્વે અને આઝાદી પછીની ભારતની સ્થિતિનું શબ્દચિત્ર દર્શાવે છે. આ બધાં જ કાવ્ય વિશેષો તેમની રચનાઓમાં જોવા મળે છે.

બ્રિટનના મુસ્લિમ ગુજરાતી ગઝલકારોમાં 'મહેક ટંકારવી' લોકપ્રિય છે. ભરૂચ પાસેના ટંકારીયા ગામના વતની છેલ્લા કેટલાંય વર્ષોથી ઈંગ્લેંડમાં નવવસાહત કરી રહે છે. બાળપણથી લાગેલો અધ્યાત્મનો રંગ તેમણે સૂફી રંગે રંગી દીધો છે. જીવનનો સાચો મર્મ જાણી ચૂકેલા આ કવિ જાતને ઓળખવા મથે છે. આત્મ અને પરમાત્મા વચ્ચેનું ઐક્ય કવિ પામી જાય છે. માટે જ અઝીઝ ટંકારવી નોંધાતા કહે છે કે – "ભાઈ 'મહેક'ની ગઝલોમાંથી પસાર થનારને સૂફી ઘરાનાની ડેલીમાં સાવ સહેલાઈથી પ્રવેશવાનો કસુંબો પીધા પછી ભાવક પણ સર્જકના રંગે રંગાઈ ન જાય તો જ નવાઈ"૧ ('પ્યાસથી પરબ સુધી'ની પ્રસ્તાવનામાંથી) સૂફી પરંપરાને પામી ચૂકેલા કવિ જીવન અને મૃત્યુના ભેદ ઉકેલતા જાય છે જુઓ-

"અંતમાં હોઠ બધાના રહી ગયા પ્યાસા
જે હતું એ બધું તો ઝાંઝવાનું પાણી લે
આવે યમદૂત હુકમ લઈને તે પહેલાં જ 'મહેક'
આંખોને બંધ કરી દે ને કફન તાણી લે"૨ ('પ્યાસથી
પરબ સુધી' પેજ નં.૩૫)

મૃત્યુની દિશાને જાની ચૂકેલા કવિ મૃત્યુના ભયથી મુક્ત થાય છે. જીવનભરની ભાગદોડમાં દોડનારાઓનું જીવન વ્યર્થ છે, કવિના માટે સાચું જીવન તો સત્સંગ કરવામાં છે. જીવન અને જગતને જોવાનો અલગ દૃષ્ટિકોણ મહેક ટંકારવીની કવિતામાં વ્યંજનાત્મક રીતે પમાતો જોવા મળે છે. મૃત્યુના ભયથી મુક્ત થનાર કવિ મરણને ઉત્સવની જેમ ગણે છે.....

"આ મોત મોત ક્યાં છે માતમ માનવીએ:
એના મિલનની તક મળી, ખુશીઓ મનાવાશું"૩
(એજન. પેજ નં. ૮૪)

આત્મતત્વ જાગે ત્યારે પરમતત્વની ઝાંખી થાય છે. આપણી જિંદગી મોહમાયાના બંધનોમાં ફસાયેલા જીવને એવી ઝાંખી દુર્લભ છે. જીવનની કોઈ ધન્ય ક્ષણે આ ભેદ પરખાય જાય, આત્મા અને પરમાત્માનું ઐક્ય પરખાય જાય ત્યારે તમે પરમાત્માના ઉત્તમ તત્વને પામી જાવ છો. મોહમાયાના બંધનમાંથી મુક્તિ મળે ત્યારે નાત-જાત, ઊંચ-નીચ કે અન્ય કોઈ ભેદભાવ રહેતાં નથી. રામ-રહીમ બંને એક જ છે. કવિ જાણે આ ભેદ પામી ગયા હોય તમ તમેની રચનાઓ વાસુદેવ કુટુંબકમની ભાવના પ્રગટતી જણાય છે. જુઓ આ શેર....

મત્લામાં નામ તારું, મક્તામાં નામ તારું
મારી ગઝલના હર એક મિસરામાં નામ તારું
તારું જ નામ ગુંજે મંદિરમાં, મસ્જિદમાં
કાશીમાં નામ તારું, કાબામાં નામ તારું"૪ (એજન. પેજ નં ૧૦)

ધાર્મિક બંધનોથી પર કવિ પરમતત્વને ઝંખે છે. મહેક ટંકારવીની ગઝલમાં સૂફીવાદનું સુપેરે દર્શન થાય છે. સૂફીવાદ કવિતામાં આધ્યાત્મિકતા હોય છે પણ સંકીર્ણતા હોતી નથી. એમાં પ્રભુ મિલનની તાલાવેલી છે. હરિરસ પીવાની તરસ હોય છે. બ્રહ્મમાં ભળી જવાની ઝંખના હોય છે. પરંતુ સાંપ્રદાયિક ખેંચતાણ હોતી નથી. મહેક ટંકારવીની સહજતાથી ઈસ્લામના સિદ્ધાંતોને ગઝલોમાં ગૂંથી લે છે. એટલી સહજતાથી રામ-કૃષ્ણના જીવનની ફોલોસોફીને પણ ગઝલમાં વણી લે છે. જુઓ....

"મીરાંની જે ભક્તિ ના સમજે, જે દર્દ ના જાણે મીરાંનું;
તે ઝેર કટોરા પી ને પણ
જીવનારની વાતો શું જાણે"૫(એજન. પેજ નં ૩૬)

વિદેશની ધરતી પર રહી વૈભવશાળી જીવન જીવવાની લાલસાવાળા આજે માણસાઈને ભૂલી ગયા છે. ધનાઢ્યનું એટલું અભિમાન વ્યાપ્ત છે કે પારિવારીક સંબંધ ખોખલા પડી ગયા છે. ભારતીય સંસ્કૃતિમાં પરિવાર, સંબંધો, જવાબદારી, દામ્પત્ય જીવન ઈત્યાદીનું વિશેષ મહત્વ છે. તેને સાચવવું એ આપણી નૈતિક જવાબદારી છે. પરંતુ આજનો માનવી વૈભવી નશામાં આ બધું ભૂલી ચૂક્યો છે. માનવા જીવનમાં સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક એકતા જરૂરી છે. અજાણ્યા દેશમાં, અજાણી સંસ્કૃતિ વચ્ચે જો પોતાપણું જળવાય તેવું કવિ ઈચ્છે છે. તે માટે તેઓ ગઝલના શેરમાં આ રીતે વ્યક્ત થાય છે.

"હવા એટલી તો ભરી 'હું' પદની
આ માણસ તો જાણે ફુગ્ગો ફૂલેલો
છે ભીતરમાં તો સાવ ખાલી વિચારો
ઉપરથી જ લાગે ભરેલો ભરેલો".૬
(એજન. પેજ નં ૨૭)

'હું' પણાને ખતમ કરવાથી ઘણાં પ્રશ્નો દૂર થઈ જાય છે. માટે કવિ અહંમી વૃત્તિને દૂર કરી સંસ્કારોનું સિંચન કરવાનું કહે છે. જો હું પદ ઓછું થાય તો જ સ્વયંને મળી શકાય છે. જાતને ઓળખી શકાય છે. પશ્ચિમી મોહમાયાનાં બંધનોમાંથી મુક્ત થઈ માનવીય મૂલ્યોનું મહત્વ કવિ સમજાવે છે. આધુનિક યંત્ર નૂતન સંસ્કૃતિમાં મૂળ ઓળખ ખોય બેસેલા પરદેશવાસી ભારતીય માટે કવિ કહે છે કે,

"છે કાચની બંગડી સમ આ આપણા સંબંધો
તૂટી રખે ન જાય, બી, બીને
નિભાવું છું."૭(એજન. પેજ નં ૪૮)

કાચથી પણ નાજુક સંબંધોનું મહત્વ કવિ સમજાવે છે. આ રીતે મહેક ટંકારવીની ડાયસ્પોરા કાવ્યવિશ્વ માનવીય મૂલ્યોનું મહત્વ સમજાવતી જોવા મળે છે.

આમ, ઈંગ્લેંડનાં ગુજરાતી ડાયસ્પોરા ગઝલકારોમાં મહેક ટંકારવીનું વિશેષ સ્થાન જોવા મળે છે. મુસ્લિમ ધર્મના આ કવિ ધર્મ-જાતિ ભેદભાવ વિના રામ અને રહીમ બંનેના ગુણગાન ગાઈ અધ્યાત્મની સાચી દિશા દર્શાવે છે. તો વિદેશ નિવાસી ભારતવાસીઓને માનવમૂલ્યોનું મહત્વ સમજાવે છે.

આ રીતે પરદેશની ધરતી પર ભારતીયતા જાળવવાનો આ પ્રયાસ અત્યંત નોંધનીય બની રહે છે.

સંદર્ભસૂચિ


(૧) 'પ્યાસથી પરબ સુધી..' મહેક ટંકારવી, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પ્ર.આ. ૨૦૦૬

(૨) 'પ્રેમરસ પ્યાલો' – મહેક ટંકારવી, રન્નાદે પ્રકાશન, અમદાવાદ. પ્ર.આ. ૨૦૧૩

(૩) 'ગુજલીશ ગઝલો' – મહેક ટંકારવી, આવાઝ પ્રકાશન, ભરૂચ. પ્ર.આ. ૨૦૦૦

(૪) 'બ્રિટિશ ગુજરાતી ડાયસ્પોરા કાવ્યધારા' – ડૉ. બળવંત જાની, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ. પ્ર.આ. ૨૦૧૦

(૫) 'સંસ્કૃતિ, બહુસંસ્કૃતિ અને સાહિત્ય' – પ્રવીણ દરજી, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ. પ્ર.આ. ૨૦૧૪

(૬) 'સાંસ્કૃતિક વિવેચન કોશ'–અનુવાદ-શાલીની ટોપીવાલા,પાર્શ્વ પ્રકાશન,અમદાવાદ. પ્ર.આ. ૨૦૦૩


**ડૉ. આનંદ બથિયા**